સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઝંખ્યું'તું બહુ એ એકાંત હવે થાકી ગયું છે!
પંપાળ્યું'તું બહુ એ ગૂમડું હવે પાકી ગયું છે!
આંબી ગયું છે માણસની ધીરજની ક્ષમતાને -
થઈ ગઈ પરખ સૌની, સ્વભાવ આંકી ગયું છે...

હાઈકુ

ભાગે છે દૂર -
લ્યો ! હવે એકાંતથી -
ને માગે ભીડ !!
(માનવ સ્વભાવ)

આવે દોડતું !
ન માગે છતાં પણ -
પોલીસ ડંડે !
('ઘર'માં લોકડાઉન)

ચિંતન

કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમાઃ
એવં ત્વયિ નાંયથેતોડસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આપણે જે કામ કરીએ છીએ તે કામ આપણને બાંધે છે, આપણે તે માટે એક ભૂમિકાથી જોડાયેલા છીએ એ સાચું પરંતુ બીજું સાચું એ કે તેમાં આ 'મેં કર્યું' નો ભાવ જોડાવો ન જોઈએ. એ તમને ક્યારેક આનંદ અને પીડા પણ આપશે. માણસ નિષ્કામ કર્મ કરતાં આ જગતમાં સો વર્ષ જીવવાની ઈચ્છા કરે. કર્મમાં જિજીવિષાને બાદ કરે તો આ સંભવ છે. આ સરળ તો નથી પણ એ જ તો આપણને અંદરથી જગાડવા માટે છે. નિષ્કાય કર્મનો અનુભવ કરી જુઓ તો સમજાશે કે મુક્તિ આ જ છે.

સુવિચાર

- અનુમાન માત્ર સંભાવના છે, અનુમાનને સત્યનો પર્યાય સમજી લો તો પરેશાની વધી શકે - **એસ.ભટ્ટાચાર્ય**
- એક સમાન ભાષા બોલનારાઓ નહીં પરંતુ એક સમાન લાગણી ધરાવતા લોકો એકબીજાને સારી રીતે સમજી શકે છે - **બી.એન. દસ્તુર**
- સમાજનો, ધર્મનો કે સંસ્કૃતિનો જીણોદ્ધાર કરવા કરતાં હૃદયનો જીણઓદ્ધાર કરશો તો બાકીનું બધું આપોઆપ થઈ જશે - **કાકાસાહેબ કાલેલકર**
- આ શરીર સાથે બધું જ જતું રહેવાનું છે, પણ એ જ્ઞાન નથી એટલે આસક્તિ મુકાતી નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- આ સત્ય સમજવું ઘણું જ અઘરું છે, ગરીબ લે તો ઉધાર અને અમીર લે તો ક્રેડિટ - **સત્યન પૂનાવાલા**
- પોતાના એ જ હોય છે જે કહ્યા વગર સાથે ઊભા રહે, બાકી કહેવા પર તો અજાણ્યા પણ મદદ કરી દે - **રોહિત શાહ**
- આજનું ઔષધ : એક કપ કેરીનો રસ, ચોથા ભાગનું દૂધ, એક ચમચી આદુનો રસ, ચપટી ખાંડ, આ મિક્સ સવાર-સાંજ પીવાથી માથાનો દુઃખાવો મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જ્ઞાની સંતની પાસે એક ધનિક શેઠ આવ્યા. તેમણે કહ્યું, 'મહારાજ, મેં પાઈ પાઈ કરીને દીકરા માટે ધન ભેગું કર્યું છે પરંતુ મારો એ એકનો એક દીકરો પાણીની જેમ પૈસા વેડફે છે અને જુગાર અને વ્યસનમાં બેફામ બની રહ્યો છે. હું ખૂબ ચિંતામાં છું. ખબર નહીં, ભગવાન મને કયા કર્મોની સજા આપી રહ્યા છે.' સંતે શેઠને પૂછ્યું, 'શેઠજી, તમારા પિતાએ તમારા માટે કેટલી સંપત્તિ વારસામાં છોડી હતી?' શેઠે કહ્યું, 'મહારાજ' તેઓ તો ખૂબ ગરીબ હતા, તેઓ તો મારા માટે દેવું મૂકીને ગયા હતા. સંતે કહ્યું, 'તમારા પિતાજી એ તમને વારસામાં ગરીબી આપી, તેમ છતાં તમે આટલા ધનવાન છો. ને આટલી બધી ધનનીછૂટ હોવા છતાં તમે વિચારો છો કે તમારા દીકરાને ગરીબીમાં જીવન વિતાવવું પડશે ? પણ આપ એમ વિચારીને ધન કમાવવામાં વ્યસ્ત રહ્યા કે સંતાન માટે ધનના ઢગલા કરવામાં સમય વહી રહ્યો. એમ કંઈ પિતાનું કર્તવ્ય પૂર્ણ થાય તેમ નથી. પિતાનું પુત્ર પ્રત્યનું સૌ પ્રથમ કર્તવ્ય છે કે એ તે તેને સમાજમાં પ્રથમ હરોળમાં બેસવા લાયક બનાવે. બાકી તો બધું તે પોતાના બળે જ મેળવી લેશે.' સંતની વાત સાંભળીને શેઠની આંખો ખૂલી ગઈ અને તેમણે પોતાના પુત્રને યોગ્ય રસ્તે લઈ જવાની પ્રતિજ્ઞા લીધી.

સંક્રમણથી સ્વસ્થતા તરફ ગતિ

તંત્રીસ્થાનેથી...

દેશ આખામાં કોરોના સંક્રમણનો વૃદ્ધિદર કે ગતિ પ્રમાણમાં ઘટી રહેલ છે તેથી લોકડાઉનની સાનુકૂળ અને અપેક્ષિત અસર પડી હોવાનો સધિયારો લઈ શકાય છે. પરંતુ દેશની સરખામણીએ ગુજરાતમાં અને એમાં પણ અમદાવાદ જેવા હોટ સ્પોટમાં સંક્રમણ કૂદકે ને ભૂસકે વધતું જઈ રહ્યું છે તે ચિંતાનો વિષય છે. અમદાવાદના કાર્યદક્ષ મ્યુનિસિપલ કમિશનલ પણ આ મુદ્દે ચિંતિત છે. જો આ જ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો અમદાવાદ આગામી માસના અંત સુધીમાં કોરોનાનો ઉકરડો બની રહે એવી સંભાવના છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા આરોગ્ય ખાતાએ કોવિદ હોસ્પિટલો તૈયાર રાખી છે, જરૂરી બેડ્સ અને વેન્ટિલેટર્સ પણ ઉપલબ્ધ કરાવાઈ રહ્યાં છે. આવી વિકટ પરિસ્થિતિ પેદા નથાય એ માટે આ એકાદ અઠવાડિયું સાચવી લેવાની જરૂર છે. આરોગ્ય વિભાગનાં પ્રિન્સિપાલ સેક્ટરી જયંતી રવિએ કોરોનાના વધુ પડતા ચેપ માટે શાકભાજી, દૂધ અને કરિયાણાવાળી દુકાનોને જવાબદાર ગણાવી છે. આ રોજિંદી જરૂરિયાતની આઈટમોથી ચલાવી લેવાનું કહેવું સહેલું છે, પરંતુ અમલમાં મૂકવું અઘરું છે. કોરોનાના ચેપ સામે લડવા માટે જરૂરી એવી પ્રતિકાર શક્તિ પણ શાકભાજી, ફળો અને દૂધમાંથી જ મળી શકે એમ છે. કેન્દ્ર સરકારે અન્ય રાજયોની જેમ હવે ગુજરાતમાં પણ કેન્દ્રીય ટીમ મોકલી છે. અગાઉ આવી ટીમ જયારે કોલકાત્તા પહોંચી ત્યારે એને સહકાર આપવાની પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રીએ આનાકાની કરી હતી અને કેન્દ્ર નાહક રાજય સરકારની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરી પરિસ્થિતિ બગાડે છે એવું દુર્ભાગ્યપૂર્ણ વલણ અપનાવ્યું હતું. એમણે જ નહીં, કોંગ્રેસના વરિષ્ઠ ગુજરાતી નેતા અહમદ પટેલે પણ વડાપ્રધાનના વલણ સામે વાંધો ઉઠાવ્યો હતો. અમદાવાદમાં કોરોનાએ માઝા મૂકી છે તો ત્યાં કેન્દ્રીય ટીમ કેમ નહીં ? એવા વિપક્ષના વાંધાનો જવાબ હવે ગુજરાત અને મધ્યપ્રદેશ જેવાં ભાજપ શાસિત રાજયોમાં પણ કેન્દ્રીય ટીમ મોકલી આપી વાળી દેવાયો છે. મહામારી જેવા સૌને સ્પર્શતા અને સીધા જ જીવનને જોખમમાં મૂકતા મુદ્દા પર હરગિજ રાજકારણ ન જ રમાવું જોઈએ પણ શું થાય ! આપણા નેતાઓ, પછી તે વિપક્ષી પાર્ટી હોય કે શાસક પક્ષ - એમનાથી પડી ગયેલી જૂની ટેવ ટાળી શકાતી નથી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ એમાં બાકાત નથી. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા પર મુકાયેલ કાપ સામે તીખો આક્રોશ રજૂ કર્યો છે. કેન્દ્ર સરકાર સેન્ટ્રલ વિસ્ટા જેવા અબજોના બિનજરૂરી ખર્ચને કે બુલેટ ટ્રેનના તાયફાને અટકાવવાને બદલે કર્મચારીના પેટ પર પાટુ મારી રહી છે તે યોગ્ય નથી. રાહુલ ગાંધીને કોઈ સારા સલાહકાર મળ્યા લાગે છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ ટ્વિટર પર ઘણાં ગંભીર નિવેદનો રજૂ કરી રહ્યા છે અને એક જવાબદાર વિપક્ષના આગેવાન બોલતો હોય એવી ભાષા બોલી રહ્યા છે. દરમિયાન કોરોના સંકટમાં પણ ધર્મ આધારિત રાજકારણ તો યથાવત ચાલુ જ રહ્યું છે. મહારાષ્ટ્રની સરહદમાં થયેલા સાધુઓની નિર્મમ હત્યા કોઈ મુસલમાનોએ નથી કરી, પરંતુ એમના પર બહારના શંકાસ્પદ લોકો ગણી ગ્રામજનોએ જ હુમલો કર્યો હતો. ખુદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ વાત ગાઈવગાડીને કહી રહ્યા છે છતાં હિંદુત્વના પ્રહરીઓ માથે મૂંડો કરાવી રહ્યા છે! એવા પ્રહરીઓમાં ભાજપના દિલ્હીના સાંસદ પ્રવેશ કુમારનો પણ સમાવેશ થાય છે! કોરોના જેવા કાળઝાળ સંકટને કોમવાદનાં લેબલ લગાડી એનો ભવિષ્યમાં રાજકીય લાભ ખાટવાની વૃત્તિ પ્રજાજનોમાં કેટલી કારગત નીવડશે એ તો ભવિષ્ય જ કહેશે. અત્યારે તો દેશને ખાડી ગયેલી અર્થવ્યવસ્થા કે કોરોના સંકટ સામેની આયોજન વગરની વ્યૂહરચના છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને સૌથી સફળ સુકાની તરીકે સ્થાપિત થઈ રહ્યા છે, એનો આપણે સાડા છ કરોડ ગુજરાતીઓ મહિમા કરીએ.

સંવેદના ઘસાઈને ઉજળી થતી હોય છે !

આરપાર
રાઘવજી માધડ

એક કારીગરે માંગણી કરતા કહ્યું:'શેઠ ! મારો પગાર વધારી આપવો પડશે !'ત્યાં સામે શેઠે તાડુકીને કહ્યું:'કેમ,તને એકને જ આ કોરોનાની મહામારી નડી છે ?'સામે જવાબ આપતા કારીગરે કહ્યું :'આ લોકડાઉનમાં મારા છોકરાઓને ખબર પડી ગઈ, જમવાનું બે ટાઈમ હોય છે,આજ સુધી ઘરમાં એક ટાઈમ જ જમવાનું થતું હતું !'આ કિસ્સો વોટ્સઅપ વાંચું છું તે દરમ્યાન બે ટાબરિયા ઘરના દરવાજા સામે ઊભા રહે છે અને કહે છે:'માયબાપ ખાવાનું હોય તો આલજો !'રમવાં,ભણવાની ઉંમરે ભીખ માગવા નીકળે ! ત્યારે ગીત યાદ આવે છે:જિસકા બચપન હો ભૂખ, ઈસ જવાની કાં ક્યાં હોગા !વળી કોઈ ટેણિયો માસ્કની જગ્યાએ પાંદડું બાંધીને નીકળે છે..! આવા વરવા દ્રશ્યો નજરે પડે ત્યારે ઘડીભર ક્ષુબ્ધ થઈ જવાય...પણ આવા વખતે અન્ય વ્યક્તિની પીડા, વેદના અનુભવાતી હોય છે. માનવીય સંવેદના ઘસાઈને ઉજળી થતી હોય છે !

આ કપરા કાળમાં અનેક સેવાભાવી સંસ્થાઓ,કોઈ ભૂખ્યુંન રહે તેની કાળજી રાખી ભોજન પૂરું પાડે છે.સેવાકર્મીઓ ફરજ ઉપરાંત,સેવાધર્મ બજાવે છે.સંવેદનશીલ સરકાર પણ ઘણું કરી રહી છે.સૌને શતશત વંદન કરવા રહ્યા.પણ જ્યાં આભ ફાટે ત્યાં થીગડું ક્યાં મારવું !? આ સંજોગોમાં ક્યાંય કચાશ રહી જાય, ગાબડું પડે...એવું પણ બને ! એ જોઈ, જાણી આપણી સંવેદના નંદવાય તે સ્વાભાવિક છે.

કોઈ લોકડાઉનના લીધે વતનની વાટ ન પકડી શકે અને આપઘાત જેવું અંતિમ પગલું ભરી લે. વળી કોઈ અણસમજુ છોકરું તેની માને કહે:'આવું રોજ જમવાનું મળશેને..!?'તો કોઈ ઝુંપડાવાસી સ્ત્રી, કપડામાં તેનું અંગ ઢાંકે છે કે,તેની ગરીબીને..એ નક્કી કરવું મુશ્કેલ હોય એવી સ્થિતિમાં કોઈ સેવાભાવીને ફૂડ પેકેટ પાછું આપતા કહે : 'હાલ ખાવા પૂરતું અમારા પાસે છે, કોઈ ભૂખ્યા હોય તેને આપો !'

પણ આ બધું,સોશ્યલ મીડિયામાં જોઈએ, સાંભળીએ...ત્યારે આપણામાં સંવેદનાનો સળવળાટ થાય તો સમજવું કે આપણે હજુ જીવંત છીએ ! અને જીવંત વ્યક્તિ બીજાને ઉપયોગી થાય. એક ચિંતકના કહ્યા મુજબઃ ઘણાં માણસો તો ક્યારનાય મરી ચુક્યા હોય છે, માત્ર તેની નનામી વરસો પછી નીકળે છે !

આજકાલ 'સંવેદનશીલ' શબ્દની અગ્નિપરીક્ષા થઈ રહી હોય એવું લાગે છે.તંત્ર દ્વારા અપાર પ્રયોગ થાય છે.પણ શબ્દ વારંવાર વપરાય ત્યારે તેનો અર્થ ઓછો થઈ જાય છે. આ શબ્દ કહેવા માટે નહી, અનુભવવા માટે છે. સમ-વેદના...સામેની વ્યક્તિની પીડા-વેદનાનો ખુદને અનુભવ થાય.વ્યક્તિમાં જયારે સંવેદના જાગે ત્યારે ઘણી સમસ્યાઓ આપોઆપ ઓછી થાય. અને મહામારી હળવેકથી પસાર થઈ જાય.

આજે ઘરમાં છીએ, સુરક્ષિત છીએ.વળી અન્યના પ્રમાણમાં કોઈ મુશ્કેલી નથી. પણ આ ટેકનોલોજી ના યુગમાં માણસ યંત્ર જેવો ને યંત્ર માણસ જેવો થવા લાગ્યો છે.સંવેદનાની ધાર બુઠ્ઠીને બુઠ્ઠી થવા લાગી છે.પણ આ વૃદ્ધ નહીં, શુદ્ધ-બુદ્ધ અને સમૃદ્ધ થવાનો સમય છે.વાંચન,સોશ્યલ મીડિયા અને પરિવાર સાથે ઘરમાં રહી પ્રેમથી પસાર કરવાનો સમય છે.જે આપણી સંવેદનાને ધાર કાઢી તેજ કરે છે.જીવનમાં સંકટ, આપતિ,મહામારી...એ મનને માંજી,સંવેદનાને ઉજળી કરનારી ઘટનાઓ કહી શકાય.પણ આ વરવા સમયને સાર્થક કરવાનું કે ઉચિત ઉપયોગ કરવાનું તો વ્યક્તિના પોતાના હાથમાં હોય છે ! છેલ્લેઃ ઘરના દરવાજે બોર્ડમાં લખ્યું હતું : નો એન્ટ્રી ! પણ સંવેદનાએ પ્રેમથી કહ્યું : માફ કરશો, હુંતો અભણ છું !

શું તમે જિંદગીમાં જોખમ ખેડ્યું છે ખરું?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

જીવન એક કલા છે. એ એક સત્ય છે. અને બીજું સત્ય એ પણ છે કે આ કલા મોટાભાગના લોકોને આવડતી હોતી નથી. અને એટલે જ લોકોને ''આર્ટ ઓફ લિવિંગ''ની શિબિરો કરવાની જરૂર પડે છે. મને એ નથી સમજાતું કે આજે લાખો કરોડો લોકો રૂપિયા ખર્ચીને આર્ટ ઓફ લિવિંગની શિબિરો, સેમિનારો, ટ્રેનિંગ કરવા જાય છે અને જીવન જીવતા શીખે છે. શા માટે ? જીવન આપણું અને એને જીવતા શીખવે બીજા કોઈ ? એ કેવી રીતે બની શકે ? પણ આજે આવું યે બને છે. કેમ કે આપણે આપણા જીવનમાંથી ''જીવનતત્ત્વ'' જ ગુમાવી દીધું છે. આજે આપણે જે જીવન જીવીએ છીએ તે 'જીવન' નથી. પણ માત્ર ''જિંદગી'' છે. આપણે માત્ર પશુ પક્ષીઓની જેમ જિંદગી જીવીએ છીએ. જેમ રોજ સવારે પશુ પક્ષીઓ પોતાના ને પરિવાર માટે ખોરાકની કે શિકારની શોધમાં નીકળી પડે છે તેમ આપણે પણ સભ્ય રીતે ખોરાક અને શિકારની શોધમાં નીકળી પડીએ છીએ. આ જિંદગી'' તો છે પણ એમાં ''જીવન'' નથી. એમાં કોઈ રંગ નથી, રસ નથી, નવીનતા નથી. આનંદ, ઉત્સાહ કે નવી ઊર્જા નથી.

આપણે એવું માનતા હોઈએ છીએ કે ઈશ્વરે આપણને જિંદગી આપી છે તો એ પ્રમાણે જીવવું પડે છે. પણ મિત્રો, ઈશ્વરે આપણને માત્ર 'જિંદગી'' આપી છે. એને જીવન તો આપણે જ બનાવવવું પડે છે. ઈશ્વર તો માત્ર એક બીજ રોપે છે. એમાંથી વૃક્ષ તો જાતે જ બને છે. પણ એ વૃક્ષ બનતા પહેલા એને કેટલાયે તડકા, વરસાદ, આંધી – તૂફાન ઝીલવા પડે છે. આ બધા સંઘર્ષમાંથી પસાર થઈને જ એ મજબૂત – ફળ આપતું ઘટાદાર વૃક્ષ બની શકે છે. દુનિયાનું એકેય વૃક્ષ એવું નથી કે જેણે ધોમધખતા તડકાનો, આંધી તૂફાનનો, વરસાદીપૂરનો સામનો ના કર્યો હોય.

આપણું જીવન પણ આવું જ છે. જન્મ વખતે તો આપણે માત્ર એક જીવ હોઈએ છીએ. એમાં જીવન તો આપણા સંઘર્ષથી ઊમેરાય છે. અને જો આ સંઘર્ષમાંથી હેમખેમ પાર ઉતર્યા તો આપણને આવડી જાય છે જીવન જીવવાની કલા. અન્યથા કરવી પડે છે આર્ટ ઓફ લિવિંગની શિબિરો.

આજે આ હાઈટેક યુગમાં જીવન જીવવા માટેના અનેક માધ્યમો, રસ અને રસ્તાઓ છે. જ્યાથી આપણો જીવ સુખ અનુભવે છે. આ સુખ મેળવવા માટે શાંતિને ગુમાવવી પડે છે. આ બધા બાહ્ય માધ્યમોને આપણે ભૌતિકતાનું નામ આપીને જીવનના એક ભાગરૂપે સ્વીકાર્યા છે. જેને કારણે ભૌતિક સુખ-સંપતિ અને સમૃદ્ધિની પાછળ દોડતો જીવ પોતાનામાંથી જ જીવન ગુમાવી દે છે. અને માત્ર જીવે છે જિંદગી. એક જીવની માફક.

આજે મોટાભાગના માણસોનું જીવન રૂટિન બની ગયું છે. આપણે સૌ વર્ષોથી એક જ રૂટિનમાં જીવીએ છીએ. કશું જ નવું કરવાની હામ કે હિંમત રહી નથી. સૌ કોઈ જિંદગીને સેઈફ – ફિક્સ ડિપોઝિટમાં મૂકીને જીવી રહ્યા છીએ. સવારે ઊઠીને ચા પાણી, અખબાર, પછી ઓફિસ કે દુકાન, સાંજે કે રાત્રે ઘેર, થોડીવાર ટી.વી. અને પછી બેડરૂમ ... સવારે ફરી પાછું એ જ ચક્ર. આવી રીતે જિંદગી જીવતા લોકોના જીવનમાં કાં આર્થિક સમૃદ્ધિ, કાં પરિસ્થિતિ સામે સંઘર્ષ કાં હતાશા કાં નિરાશા કે લાપરવાહી સિવાય કશું જ હોતું નથી. વર્ષોના વર્ષો આવી રીતે જિંદગી જીવતા આપણે દિવાળીના દિવસોમાં ક્યારેક પાંચ સાત દિવસ બહાર ફરીને આનંદ મેળવીને ફરી પાછા એ જ ચક્ર ફસાઈ જઈએ છીએ. આવી જિંદગીનો કોઈ નાનો કે મોટો ધ્યેય હોતો નથી. કાં આર્થિક સમૃદ્ધિ વધારવાનો કાં આર્થિક જરૂરિયાતને પૂરી કરવાનો હોય છે. આજે લાખો કરોડો લોકો એવા છે કે જેઓ આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાંય પોતાને મનગમતું કામ કરી શકતા નથી. તો વળી મોટાભાગનાને ના છૂટકે ઘર પરિવાર ચલાવવા નહી ગમતી નોકરી કે ધંધો કરવો પડે છે. અને જિંદગીને એક રગશિયા ગાડાંની જેમ આગળ વધારતા રહે છે.

આપણા દેશના લોકોની એક માનસિકતા એ પણ છે કે જે છે તે ચલાવ્યે રાખવું, બચાવીને જીવવું, કોઈ નવું સાહસ કે જોખમ ના કરવું – આવા સ્વભાવને કારણે મધ્યમવર્ગનો માણસ અતિ મધ્યમ અને ગરીબ માણસ વધુ ગરીબ થતો જાય છે. આ રૂટિનમાંથી મૂક્ત થવા માટે કંઈક નવું કામ કરવું પડે, જિંદગીમાં થોડું જોખમ પણ ખેડવું પડે. મોતા સપના જોવા પડે, જીવનનું મોટું ધ્યેય નક્કી કરવું પડે. એ પૂર્ણ કરવા ખુબ પરિશ્રમ અને પ્રવૃત્તિ કરવા પડે. પરંતુ પરિસ્થિતિથી દબાયેલા આપણે આવું કંઈ કરી શકતા નથી. ખરેખર જોઈએ તો લાઈફમાં ''રૂટિન'' એ કેન્સર જેટલું ખતરનાક છે. લાઈફ રૂટિન થવાથી અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગ થઈ જાય છે જેની આપણને ખૂદને જ ખબર હોતી નથી. સ્વભાવ ચિડીયો થઈ જાય છે, શંકાશીલ, સ્વાર્થી, ટૂંકીદ્રષ્ટિ, ડરપોક, અશક્ત, સ્વકેન્દ્રી... આવા ઘના પ્રકારના દૂર્ગુણો અનાયાસે જ આપણામાં પ્રવેશી જાય છે. ઈશ્વરે દરેક વ્યક્તિમાં અમાપ શક્તિઓ મૂકી છે. પણ આપણે એનો પૂરતો ઉપયોગ કરતા નથી. આપણું જીવન શ્રેષ્ઠ બનાવવા માટે આપણે આપણી શક્તિઓનો મેક્સિમમ ઉપયોગ કરી શકતા હોતા નથી. દા.ત. આપણામાં એક હજાર કિલોમીટર સુધી ચાલવાની ક્ષમતા છે પરંતુ આપણે માત્ર પચાસ કિલોમીટર ચાલીને જ ખુશ છીએ કેમ કે બીજા લોકો તો માત્ર દસ કિલોમીટર જ ચાલ્યા છે. તેથી આપણે અંતિમ સુધી પ્રયત્નો કરતા જ નથી. અને પચાસ કિલોમીટરે આપણા જીવનને સ્થગિત કરી દઈએ છીએ. આપણી બાકીની ૯૫૦ હૉર્સપાવર ઊર્જા આપણી અંદર જ પડી રહે છે. અથવા કહો કે એ આપણી અતિ સંઘર્ષમય પરિસ્થિતિને કારણે નકારાત્મકતામાં ફેરવાઈને એ ઊર્જા ક્રોધ, જીદ્દ, જડતા અને શંકારૂપે વ્યક્તિને જ બરબાદ કરે છે. પરંતુ જો આ ઊર્જાને સમજીને રૂટિનથી બીજા કોઈ નવા કાર્યમાં લગાવીએ તો આપણે લાઈફમાં બીજું ઘણું બધું પામી શકીએ છીએ. પરંતુ વર્ષોથી આપણી આસપાસ આપણી માનસિકતાને અજગર બનીને વિંટળાયેલ પરિસ્થિતિ કે રૂટિન આપણી ક્રિએટિવ ચેતના હરી લે છે. આપણને ડરપોક બનાવી દે છે. આપણે લાઈફને એકદમ સેઈફ રીતે જીવતા શીખી જઈએ છીએ.

મિત્રો, આપણે એ વિચારવું જોઈએ કે આપણે અત્યારે જે કામ કરીએ છીએ. તે કામ કે નોકરી કે બિઝનેશ આપણા સંતાનો કરી શકશે ખરા ? જો અંદરથી જવાબ આવે કે ''ના'' તો આપણે આવનારા ભવિષ્ય માટે કોઈ નવું કામ શોધવું જ પડે. કેમ કે આજે દર બે ચાર વર્ષે બધુ જ બદલાઈ જાય છે. પરિવર્તનનો સમય ઓછો થતો જાય છે. આજે જે છે તે આવતા બે ચાર વર્ષ પછી નહીં હોય. તેથી નવા બિઝનેશ કે નવા આવિષ્કારો કે નવા પરિવર્તનો સ્વીકારવા જ પડશે. પ્રત્યેક દેશના પ્રત્યેક સમાજમાં આવતા યુગવર્તી પરિવર્તનો સ્વીકારવા જ જોઈએ. જિંદગીમાં અમુક સમયના અંતરે જોખમો પણ ખેડવા જોઈએ. જિંદગીની વન ડે મેચમાં પચાસમાંથી છેલ્લે માત્ર પાંચ સાત ઓવર બાકી હોય અને એક સો રન કરવાના બાકી હોય તો સેઈફ કે ધીમે ધીમે ના રમાય. જોખમ ઉઠાવીને ચોક્કા છક્કા મારવા જ પડે. ડરીને, હારીને મેચ હારી જવી એના કરતા બહાદૂરીથી ચોક્કા છક્કા મારતા મારતા મેચ હારવી વધુ સારી કારણ કે એમાં મેચ જીતવાના પૂરેપુરા ચાન્સ હોય છે. અને મેચ જીતી પણ જવાય છે. ઘણી વખત વધુ પડતી સમજદારી પણ હારનું કારણ બને છે. તેથી ક્યારેક સમજીને કામ કરવાવાળા નિષ્ફળ જાય છે અને કામ કરીને સમજવાવાળા સફળ બને છે. કારણ કે એમની સમક્ષ માત્ર કામ જ હોય છે લક્ષ્ય જ હોય છે. આપણે મોટેભાગે ક્ષમતાના અભાવમાં બાઝી નથી હારતા પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાના અભાવમાં બાઝી હારી જઈએ છીએ. ક્ષમતા તો દરેકમાં ભરપુર છે જ પણ નિર્ણય લઈ શકતા નથી. કેટલાક લોકો સાચો નિર્ણય લેવાની વિચારણા કર્યા રાખે છે અને કેટલાક નિર્ણય લઈને એને સાચો ઠેરવે છે. કંઈક જીવનમાં નવું કરવું હોય, રૂટિનમાંથી મૂક્ત થવું હોય, જિંદગીની મેચ જીતવી હોય તો થોડું જોખમ ખેડવું જરુરી હોય છે. નિર્ણય લેવો જરૂરી હોય છે. અને ઈશ્વર પણ હંમેશાં સાહસ કરનારનો જ સાથ આપે છે.

- 9426060601.india@gmail.com

ઓનલાઈન મનોરંજન : અધર ધેન હિન્દી !!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

લોકડાઉન ૨.૦ ને તમે આ વાંચતાં હશો ત્યારે એક વિકનો સમય બાકી રહી ગયો હશે, લોકડાઉનમાથી નીકળવાનું મન સ્વાભાવિક રીતે મને ને તમને બધાને થતું જ હશે. દુનિયાભરમા કોરોનાના હાહાકારના સમાચારો આપણાં બધા માટે ચિંતાનો વિષય ચોક્કસપણે બની ચૂક્યા છે અને દુનિયાભરની સરકારો એને નાથવા અને એનાથી પ્રજાને બચાવવાના પ્રયાસો પોતપોતાની રીતે કરી રહી છે. સફળ થઈ કે નિષ્ફળ એ તો પછીની વાત છે પણ જ રીતે આપણી સરકારે અને ખાસ કરીને આપણે મુશ્કેલીની આ ઘડીની ગંભીરતા સમજીને કોરોનાને માત આપવા જે પણ પ્રયત્નો કર્યા છે અને એમાં મહદઅંશે સફળ પણ થયા છીએ એની દુનિયાભરમા નોંધ લેવાઈ છે. બીજા ઘણા દેશોની સરખામણીએ કોરોનાને અમુક અંશે રોકવામાં સફળ રહ્યા છીએ છતાં હજુ અમદાવાદ, સુરત, હૈદરાબાદ, થાણે જેવા અનેક શહેરોની બાબતમાં બહુ હરખાવા જેવુ છે નહી અને જો ત્રીજી સુધીમાં પરિશિતી સુધરશે નહી તો આવા શહેરોમાં લોકડાઉન લંબાઈ શકે છે – જે જરૂરી પણ છે જ.

ખેર આ કોરોનાકથાને અહી જ અટકાવીને ગયા રવિવારના લેખમાં પ્રોમિસ કર્યા મુજબ ઓનલાઈન પ્લેટફોર્મ પરના અધર ધેન હિન્દી મનોરંજનના મહાસાગરમાં એક ડૂબકી થઈ જાય !!!!! એક જમાનામાં માત્ર દૂરદર્શન પર જ હિન્દી સિવાયની ફિલ્મો અને એ પણ અઠવાડિયામાં એકવાર જ બતાવવામાં આવતી. ચેનલો આવતા ડબ કરેલી ફિલ્મો (મોટાભાગે સાઉથની ભાષાઓની) રીલીઝ થતી થઈ, એ પછી યુટ્યુબ અને ઓનલાઈન મનોરંજનનો વ્યાપ વધતાં મનોરંજન રસિયાઓને દુનિયાભરની ભાષાની ફિલ્મો અને મનોરંજન જોવા મળતું થયું. ગયા સપ્તાહે આ જગ્યાએ આપણે ઓનલાઈન ડિજિટલ પ્લેટફોર્મ પર રીલીઝ થયેલ કે થવા જઈ રહેલ હિન્દી સિરિઝો – ફિલ્મો અને અમુક ગુજરાતી ફિલ્મોની વાત કરેલી. આજના લેખમાં આપણે હિન્દી સિવાયના ઓનલાઈન મનોરંજન વિષે વાત માંડીશું, આમેય આ લોકડાઉનને પસાર કરવાનો મનોરંજન શ્રેષ્ઠ ઉપાય છે.

સબટાઈટલની સુવિધાને લીધે હવે તો કોઈ પણ ભાષાની ફિલ્મો માણવી મુશ્કિલ નથી રહી એવામાં અમેઝોન પ્રાઈમ પર માત્ર ૯૦ મિનિટની લંબાઈ ધરાવતી પણ અદ્ભુત સિનેમેટોગ્રાફી અને લાજવાબ સાઉન્ડ ડિઝાઈન ધરાવતી મલયાલમ ફિલ્મ ' જલીકટ્ટુ ' આ લખનારના મતે મસ્ટ વોચ છે. કસાઈના હાથમાથી છૂટકેલ એક ભેંસ આખા એરિયાને માથે લે છે એવી સિમ્પલ વાર્તાને દિગ્દર્શકે જે ખૂબીથી કચકડે કંડારી છે અને સોનામાં સુગંધ એવું સુપર્બ મ્યુઝિક અને કેમેરાવર્ક આ ફિલ્મ જોયા પછી રિયલી સંતોષનો ઓડકાર આપે છે. સુપર્બ કેમેરાવર્ક અને હટકે સ્ટોરી જોવી હોય તો પ્રાઈમ વિડીયો પર જ હમણાં રીલીઝ થયેલ અનધર મલયાલમ ફિલ્મ ' ટ્રાન્સ ' જોઈ લેજો. ધર્મગુરુઓના પાખંડને બેધડક ખુલ્લા પાડતી આ ફિલ્મ રિયલી ઈમ્પ્રેસિંગ છે અને હિન્દી સિવાયની બેસ્ટ ફિલ્મો જોવાવાળા માટે આ ફિલ્મ રિયલી એક વિઝ્યુલી ટ્રીટ છે. સુપરસ્ટાર વિજય સેથુપતિને ટ્રાન્સવુમનના રૂપમાં રજૂ કરતી અને નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહેલ તામિલ ફિલ્મ ' સુપર ડિલક્સ ' રમુજ, સસ્પેન્સ, ડ્રામા અને થ્રીલનો સુપર્બ ડોઝ છે. વિજય સેથુપતિ પરથી યાદ આવ્યું કે માધવન અને વિજયને ચમકાવતી અને વિક્રમ-વૈતાળની વાત નવી સ્ટાઈલમાં રજૂ કરતી ' વિક્રમ વેધા ' ના જોઈ હોય તો જોઈ કાઢજો. આમ તો ૨૦૧૭ માં રીલીઝ થયેલ આ થ્રીલર હોટસ્ટાર અને યુટ્યુબ બન્ને જગ્યાએ ઉપલબ્ધ છે અને હિન્દી ડબિંગમાં પણ છે.

આપણે આ લેખમાં જૂની અને નવી બન્ને ફિલ્મો-સિરિઝોની વાત એટલા માટે કરીશું કે લોકડાઉન જેટલો સમય આપણને આ અગાઉ ક્યારેય મળ્યો નથી એટ્લે ઘણા બધા લોકોએ જૂની સિરિઝો-ફિલ્મો કદાચ ના જોઈ હોય. થોડી મરાઠી ફિલ્મોની વાત કરીએ તો નેટફ્લિક્સ પર હાજર બાળાસાહેબ ઠાકરેની બાયોગ્રાફિકલ ફિલ્મ ' ઠાકરે ' તો નેટફ્લિક્સ પર જ નાના પાટેકરની અદ્ભુત અદાકારીવાળી ' નટસમ્રાટ ' અને નાગરાજ મંજુલે ની સુપરહિટ 'સઈરાટ ' જોવી ગમશે જ. અત્યારે કોરોનાનો કહેર છે એની જેમ જ નિપાહ વાયરસની વાત કહેતી મલયાલમ ફિલ્મ ' વાઈરસ ' પણ ડિફરન્ટ મનોરંજન છે તો પ્રાઈમ વિડીયો પર સ્ટ્રીમ થઈ રહેલ અને અભિનેત્રી સાવિત્રિની બાયોપિક એવી તેલેગું/તામિલ બન્ને ભાષામાં રજૂ થયેલ ' મહાનટી ' માં એક સામાન્ય છોકરીની સુપરસ્ટાર થવાની વાત ખૂબ રસપૂર્વક કહેવાઈ છે. પ્રાઈમ પર જ તેલુગુ ફિલ્મ ' હિટ ' થ્રીલર ફીલ્મોના ચાહક માટે હાજર છે. બીજી ભાષાની ફિલ્મોમાં આપણી ગુજરાતી ફિલ્મો કેમ ભુલાઈ ? પ્રાઈમ વિડીયો પર પ્રતીક ગાંધી – દિક્ષા જોશીની સરસ ફિલ્મ ' ધૂનકી ' અને મનોજ જોશીની સરસ કોમેડી ફિલ્મ 'ફેરાફેરી - હેરાફેરી ', નર્મદાની પરિક્રમા કરાવતી ધ્રુવ ભટ્ટ ની નોવેલ પરથી બનેલ ' રેવા ', મલ્હાર-દીક્ષાની ' શરતો લાગુ ' સહિત અનેકો ફિલ્મો તમારા મનોરંજન માટે હાજર છે.

સંગીત અને એલ્ટોન જહોનના ચાહકો માટે પ્રાઈમ પર એલ્ટોનની જીવનગાથા કહેતી ફિલ્મ ' રોકેટમેન ' હાજર છે તો નેટફ્લિક્સ પર હમણાં જ રીલીઝ થયેલ અને ક્રિસ હેમ્સવર્થને ચમકાવતી થ્રીલર ' એક્સટ્રેક્શન ' એક્શનના ચાહકોને ગમશે. અંગ્રેજીના ચાહકો માટે પ્રાઈમ પર જ હયુંગ્રાન્ટને ચમકાવતી ડ્રામા ' એ વેરી ઈંગ્લિશ સ્કેન્ડલ ' હાજર છે તો ' સ્લમડોગ મિલિયોનર ' ના દેવ પટેલને ચમકાવતી મસ્ત ફૂલગુલાબી આઠ હપ્તાની સીરિઝ ' મોર્ડન લવ ' પણ જોવી ગમશે. પ્રાઈમ પર જ ઓસ્કાર એવોર્ડ વિજેતા ' પેરેસાઈટ ' તો જોવી જ રહી. હિન્દીમાં ઉપલબ્ધ આ મસ્ટ વોચ કોરિયન મુવીમાં સમાજના બે છેવાડાના ધ્રુવ આમિર અને ગરીબની વાર્તા એકદમ સચોટ રીતે અને ખૂબ જ સરળતાથી દર્શાવી છે અને આવા વિશ્વ સિનેમા શા માટે જોવા જોઈએ તે આ સરળ-સિમ્પલ – સચોટ ફિલ્મ જોતાં જ સમજાઈ જશે. ક્રિકેટના શોખીનો માટે પ્રાઈમ પર જ ઓસ્ટ્રેલિયન ક્રિકેટની ૮ હપ્તામાં વાત કહેતી ' ધ ટેસ્ટ ' સિઝન -૧ માં ઓસ્ટ્રેલિયન ક્રિકેટની વાત બખૂબી કહેવાઈ છે તો બાસ્કેટબોલ લીજેન્ડ માઈકલ જૉર્ડનની વાત કહેતી સ્પોર્ટ્સ ડોક્યુમેંટ્રી ' ધ લાસ્ટ ડાન્સ ' નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. તો છેક ૨૦૧૧ માં રીલીઝ થયેલ પણ અત્યારે જેને લોકો કોરોના સાથે વધુ જોઈન્ટ કરી રહ્યા છે એવી વાઈરસની વાત કહેતી ' કોન્ટાજીન ' પ્રાઈમ વિડીયો પર જોઈને તમને કોરોંટાઈન – આઈશોલેશન વગેરે બધુ જ યાદ આવશે અને આજની સ્થિતિ સાથે સરખામણી કરવા મજબૂર કરશે!!! નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહેલ અને થ્રીલરના રસિયાઓ માટે સ્પેનિશ સીરિઝ ' મની હેસ્ટ ' (વિથ ઈંગ્લિશ સબટાઈટલ) મજા આવે એવી ક્રાઈમ-થ્રીલ-કોમેડીનો સંગમ છે, નેટફ્લિક્સ પર મર્ડર મિસ્ટ્રી અને કોર્ટરૂમ ડ્રામા રજૂ કરતી આવી જ બીજી સીરિઝ છે ' ધ ટ્રાયલ ' કે જે ઈટાલિયન છે વિથ ઈંગ્લિશ સબટાઈટલ ઓબવિયસલી !!!! ફિલ્મો-સિરિઝોની આ વાત તો ખતમ થાય એમ જ નથી પણ લોકડાઉનના આ અવસરમાં મળેલા સોનેરી ટાઈમનો મનોરંજનથી સદુપયોગ કરવા માટે ઓનલાઈન એક થી એક ચડિયાતા ઓપ્શન્સ અનેક ભાષાની શ્રેષ્ઠ કૃતિઓ સ્વરૂપે ડીઝીટલી અવેલેબલ છે અને આ લખ્યા એ તો માત્ર ઉદાહરણો છે. તમે ખુદ ખોદશો તો હજુ બીજા ઘણાએ મનોરંજનના મોતી આ ઓનલાઈન દરિયામાથી મળી રહેશે, બસ તો દેર કિસ બાત કી હૈ.....?